# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-12-2025 Day: Thursday Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન:

વિકસિત ગુજરાત, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાનના અમલીકરણ માટે રાજ્ય સરકારે રાજ્યના 6 આર્થિક પ્રદેશો માટે વરિષ્ઠ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. આ અંગે વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, આ નિર્ણયથી રાજ્યના 6 ક્લસ્ટર સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર દરિયાકિનારા વિસ્તારના વિકાસની દિશા નક્કી કરાશે.

------------------------------------------------------------------------------------------------------------

## બાલિકા પંચાયત તાલીમ મોડ્યુલ:

**મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલે ગાંધીનગર ખાતેથી 'બાલિકા પંચાયત તાલીમ મોડ્યુલ'નું વિમોચન કર્યું. આ 'બાલિકા પંચાયત તાલીમ મોડ્યુલ' દ્વારા જિલ્લા તથા તાલુકા કક્ષાએ માસ્ટર ટ્રેનર તૈયાર કરી બાલિકા પંચાયતની બાલિકાઓને તાલીમ આપશે.**

**મંત્રી શ્રી વકીલે જણાવ્યું કે, સમાજ નિર્માણમાં મહિલાઓમા નેતૃત્વના ગુણો વિકસાવવાના હેતુથી આ પહેલ શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં બાલિકા પંચાયત જેવી નવતર પહેલ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં હાલ ૧૩ હજાર બાલિકા પંચાયત કાર્યરત છે.**

------------------------------------------------------------------------------------------------------------

## ચુંટણીપંચ-SIRની કામગીરી:

ચૂંટણી પંચે જણાવ્યું છે કે મતદાર યાદી સઘન સુધારાણા - SIRના બીજા તબક્કામાં અત્યાર સુધીમાં 50 કરોડ 96 લાખથી વધુ મતદાર ગણતરી ફોર્મ મતદારોને વિતરણ કરવામાં આવ્યા છે. આ સંખ્યા આ તબક્કામાં ભાગ લેનારા આશરે 51 કરોડ મતદારોના ૯૯.૯૮ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. પંચે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 50 કરોડથી વધુ ફોર્મ ડિજિટાઇઝ કરવામાં આવ્યા છે. ગણતરી ફોર્મ જમા કરવાની અંતિમ તારીખ આજે છે. SIRનો આ તબક્કો આવતા વર્ષે ૧૪ ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે પૂર્ણ થશે.

---

## એસ.આઈ.આર :

જિલ્લામાં S.I.Rની કામગીરી ચાલી રહી છે, ત્યારે ભુજના શિક્ષિકા ભારતી દેવેન્દ્રસિંહ ચૌહણએ મતદારોને જાગૃત થવા આ મુજબ જણાવ્યુ હતું.

(બાઈટ-ભારતી દેવેન્દ્રસિંહ ચૌહણ- શિક્ષિકા)

---

## લોકસભા-કોમ્યુનિટી રેડિયો:

છેલ્લા પાંચ વર્ષમાં, કોમ્યુનિટી રેડિયો સહાય ઝુંબેશ હેઠળ કુલ 212 નવા કોમ્યુનિટી રેડિયો સ્ટેશનો શરૂ કરવામાં આવ્યા છે. સરકારે આ યોજના માટે 50 કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. તેનો ઉદ્દેશ્ય હાલના અને નવા કોમ્યુનિટી રેડિયો સ્ટેશનોને મજબૂત બનાવવાનો છે.

---

## ગુજરાત પ્રાકૃતિક ખેતી વિકાસ બોર્ડ:

ગુજરાત પ્રાકૃતિક ખેતી વિકાસ બોર્ડ અને `આત્મા' ભુજના સહયોગથી રાષ્ટ્રીય કુદરતી ખેતી મિશન હેઠળ 16 દિવસના વિશેષ તાલીમ કાર્યક્રમનો ગઈકાલે આરંભ થયો હતો. આઈસીએઆર-કાઝરી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કેવીકે) ખાતે કરાયેલા આરંભે વિશેષજ્ઞોએ

કિસાનોને પ્રાકૃતિક ખેતી એ ખેડૂત, ખેતર, પ્રકૃતિ ઉપરાંત ઉત્પાદન માટે ફાયદાકારક હોવાનું કહ્યું હતું. તાલીમના પ્રથમ દિવસે અંજાર વિસ્તારના 65 ખેડૂતે ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમ આગામી 15 દિવસ સુધી ચાલુ રહેશે.

-----------------------------------------------------------------------------------------------

## જખૌ ખાતે પાકિસ્તાની માછિમારો:

ભારતીય દરિયાઈ સીમામાં ગેરકાયદેસર રીતે ધુસણખોરી કરીને જખૌના દરિયામાં માછીમારી કરતા 11 પાકિસ્તાની નાગરિકોને કોસ્ટગાર્ડે ઝડપી લીધા હતા. પાકિસ્તાનની અલવલી નામની બોટ પર કુલ 11 ક્રુ સભ્યો હતો. જેમાં બે કિશોરોનો સમાવેશ થાય છે. કોસ્ટગાર્ડ દ્વારા આ તમામ ખલાસીઓ અને બોટને જખૌ બંદર ખાતે લાવી આગળની કામગીરી હાથ ધરાઈ હતી.

-----------------------------------------------------------------------------------------------

## જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી:

રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળોની વ્યવસ્થાઓમાં ગુણવત્તા સુધારણા અને નવા પ્રવાસન સ્થળ વિકસાવવાના મુખ્ય ઉદ્દેશ સાથે 'જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી'ની રચના કરાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગઈકાલે યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો.

-----------------------------------------------------------------------------------------------

## ટી-20 મેચ:

ભારત અને દક્ષિણ આફ્રિકાની ટીમો વચ્ચેની બીજી ટી-20 મેચ આજે ચંદીગઢ ખાતે રમાશે. પાંચ ટી-20 મેચની શ્રેણીની કટક ખાતેની આરંભિક મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 101 રને હરાવી શ્રેણીમાં એક શૂન્યની સરસાઇ મેળવી છે. આજની મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

-----------------------------------------------------------------------------------------------